## રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડાએ સંબંધોને સત્તાવાર કર્યા, લગ્નની જાહેરાત કરી



ચેન્નાઈ, તા. 22 રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડાએ સોશિયલ મીડિયા પર પોતાના સંબંધોની સત્તાવાર જાહેરાત કરી છે. ભવિષ્યની યોજનાઓ જણાવતાં તેમણે પોતાનાં લગ્નને 'વિરોશનાં લગ્ન' ગણાવ્યાં છે. આ 'વીઆઈઆરઓએસએચ' નામ તેમના ચાહકો દ્વારા વિજય અને રશ્મિકા માટે સાથે મળીને બનાવવામાં આવ્યું છે. અહેવાલો અનુસાર, આ કપલ ૨૬ ફેબ્રુઆરીએ લગ્ન કરવા જઈ રહ્યું છે. વિજય અને રશ્મિકાએ તેમની ઇન્સ્ટાગ્રામ સ્ટોરીઝમાં જણાવ્યું હતું કે, તેમનાં લગ્ન સત્તાવાર રીતે 'વિરોશનાં લગ્ન' તરીકે ઓળખાશે. આ યુગલે એક વ્યક્તિગત નોંધ શેર કરતાં સ્પષ્ટ કર્યું કે આ નામ કોઈ આયોજકો અથવા પારિવારિક પરંપરાઓથી પ્રેરિત નથી, પરંતુ તેમના ચાહકો દ્વારા આપવામાં આવ્યું છે - જેમણે વર્ષો પહેલાં પ્રેમથી તેમનાં નામોને જોડીને 'વિરોશ' બનાવ્યું હતું.

## અમિતાભ બચ્ચનને પહેલો સાઉથ ફિલ્મફેર એવોર્ડ મળ્યો



કોચી, તા. 22 : 70મા સાઉથ ફિલ્મફેર એવોર્ડ્સનું આયોજન શનિવારે કેરળના કોચીમાં કરવામાં આવ્યું હતું. આ દરમિયાન અમિતાભ બચ્ચનને ફિલ્મ 'કલ્કિ 2898 એડી' માટે બેસ્ટ સપોર્ટિંગ એક્ટર મેલ (તેલુગુ)નો એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ તેમનો પહેલો સાઉથ ફિલ્મફેર એવોર્ડ છે. પ્રભાસ સ્ટારર ફિલ્મમાં અમિતાભ બચ્ચને અશ્વત્થામાની ભૂમિકા ભજવી હતી. જોકે, અમિતાભ બચ્ચન આ સેરેમનીમાં સામેલ થયા નહોતા. આ સેરેમનીમાં તેલુગુ, તમિલ, મલયાલમ અને કન્નડ ફિલ્મ ઇન્ડસ્ટ્રીની શ્રેષ્ઠ ફિલ્મો અને કલાકારોને સન્માનિત કરવામાં આવ્યા હતા. ફિલ્મ 'પુષ્પા 2'એ તેલુગુ કેટેગરીમાં પાંચ એવોર્ડ જીત્યા, જેમાં બેસ્ટ ફિલ્મ, બેસ્ટ ડિરેક્ટર (સુકુમાર) અને બેસ્ટ એક્ટર (અલ્લુ અર્જુન) સામેલ છે.

## મલાઇકા અરોરા હર્ષ મહેતાને ડેટ કરી રહી છે? ઇટાલી ટ્રિપની તસવીરે ચર્ચા જગાવી



મુંબઈ, તા. 22 : મલાઇકા અરોરા માટે આ વર્ષનો વેલેન્ટાઇન ડે કથિત રીતે ખાસ રહ્યો હતો. અહેવાલો અનુસાર, અભિનેત્રી ડાયમંડ મર્ચન્ટ હર્ષ મહેતાને ડેટ કરી રહી છે અને એવું માનવામાં આવે છે કે, બંનેએ ઇટાલીમાં રોમેન્ટિક વેકેશન સાથે વેલેન્ટાઇન વીકની ઉજવણી કરી હતી. આ કપલના ઇટાલિયન વેકેશનનો એક વાયરલ ફોટો સોશિયલ મીડિયા પર ફરી રહ્યો છે. બંને આઇકોનિક ટ્રેવી ફાઉન્ટેન પાસે પોઝ આપતાં જોવાં મળ્યાં હતાં, જેનાથી તેમના સંબંધોની અફવાઓને વેગ મળ્યો હતો. તસવીરમાં મલાઇકા અરોરા તેના કથિત બોયફ્રેન્ડ હર્ષ મહેતા તરફ ઝુકેલી જોવા મળે છે, જ્યારે તે એક કોઝી સેલ્ફી ક્લિક કરી રહ્યો છે. મલાઇકા અરોરા બ્લેક ટ્રેન્ચ કોટમાં સ્ટાઇલિશ લાગી રહી હતી, જ્યારે હર્ષે હૂડી પર ગ્રે લોંગ કોટ પહેર્યો હતો.

## અરબાઝ ખાને મુંબઇ જોગેશ્વરી વેસ્ટમાં રૂ. 2.78 કરોડની પ્રોપર્ટી ખરીદી



મુંબઈ, તા. 22 _ એક્ટર અને ફિલ્મમેકર અરબાઝ ખાને મુંબઈમાં પોતાની એક વધુ પ્રોપર્ટી ખરીદી છે. બોલિવૂડના આ એક્ટરે હાલમાં જ જોગેશ્વરી વેસ્ટમાં 2.78 કરોડ રૂપિયામાં એક આલીશાન ફ્લેટ ખરીદ્યો છે. ઝેપકી દ્વારા પ્રાપ્ત પ્રોપર્ટી રજિસ્ટ્રેશન પેપર્સ પરથી જાણવા મળે છે કે, આ વ્યવહારને આ મહિનાની શરૂઆતમાં સત્તાવાર રીતે રજિસ્ટર કરવામાં આવ્યો હતો. એક રિપોર્ટ અનુસાર, નવો ફ્લેટ મુંબઈના ઝડપથી વિકસી રહેલા રહેણાક વિસ્તારોમાંના એક જોગેશ્વરી વેસ્ટમાં આવેલો છે. આ પ્રોપર્ટી લિંક રોડ પર સ્થિત 'ઓટોગ્રાફ રેસિડેન્સી' પ્રોજેક્ટનો ભાગ છે અને બિલ્ડિંગના 27મા માળે છે. તેનો રેરા કાર્પેટ એરિયા 1,243 ચોરસ ફૂટ છે અને કથિત રીતે તેને 22,000 રૂપિયા પ્રતિ ચોરસ ફૂટથી વધુના દરે ખરીદવામાં આવ્યું છે. તેમાં બે પાર્કિંગ સ્પોટ પણ છે.

## અનુરાગ કશ્યપે 'ધ કેરળ સ્ટોરી 2' ફિલ્મને પ્રોપેગેન્ડા ગણાવી



મુંબઈ, તા. 22 : 'ધ કેરળ સ્ટોરી' વર્ષ 2023માં આવી હતી અને હવે મેકર્સ ત્રણ વર્ષ પછી તેની સિક્વલ 'ધ કેરળ સ્ટોરી 2: ગોઝ બિયોન્ડ' સાથે પરત ફરી રહ્યા છે. તાજેતરમાં જ તેનું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું હતું, ત્યારથી તેના પર વિવાદ થઈ રહ્યો છે. જ્યાં તાજેતરમાં કેરળના મુખ્યમંત્રીએ તેને 'ઝેરી, ખોટી, પ્રોપેગેન્ડા અને રાજ્યના સૌહાર્દ માટે ખતરો' ગણાવી હતી, ત્યાં હવે ડિરેક્ટર અનુરાગ કશ્યપે પણ 'ધ કેરળ સ્ટોરી 2' પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે તેને 'પ્રોપેગેન્ડા' વાળી ફિલ્મ ગણાવી અને ડિરેક્ટરને 'લોભી માણસ' કહ્યા. સાથે જ કહ્યું કે ''તે ફક્ત પૈસા કમાવવા માંગે છે.'' 'ધ કેરળ સ્ટોરી 2'ને કામાખ્ય નારાયણ સિંહે ડિરેક્ટ કરી છે અને વિપુલ શાહ પ્રોડ્યુસર છે. ફિલ્મ 27 ફેબ્રુઆરીએ રિલીઝ થશે.

## ચિલીમાં ટ્રકમાં વિસ્ફોટ પછી હાઇવે પર ગેસના વાદળમાં ફસાતા ઘણાં લોકોના મોત



દક્ષિણ અમેરિકામાં એક ગેસ ટેન્કર પલટી જતાં અને ભીષણ આગમાં વિસ્ફોટ થતાં અનેક લોકોના મોત થયા છે. ગુરુવારે ચિલીના સેન્ટિયાગોમાં એક હાઇવે ગેસના પ્રચંડ વાદળમાં ઘેરાયેલો હતો તે ક્ષણનો એક ભયાનક વીડિયો કેદ થયો . સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર , પ્રવાહી ગેસનું વહન કરતી એક ટ્રક પલટી ગઈ, જેમાં આગ લાગી અને વિસ્ફોટ થયો જેમાં ઘણાંના મોત થયા હતા અને 17 અન્ય ઘાયલ થયા. સોશિયલ મીડિયા પરના વીડિયોમાં વિસ્ફોટ સ્થળ પર આગની જ્વાળાઓ દેખાઈ રહી હતી, સાથે જ વાહનચાલકો ઝડપથી ફેલાતા ધુમાડાથી બચવા માટે યુ-ટર્ન લેવાનો અથવા રિવર્સ કરવાનો પ્રયાસ કરતા જોવા મળે છે. માત્ર 30 સેકન્ડ પછી, આખો રસ્તો વાદળ હેઠળ ઢંકાઇ ગયો હતો. આ વિનાશક અકસ્માત ઉત્તરી સેન્ટિયાગો કોમ્યુન ઓફ રેન્કામાં થયો હતો, જે એક મુખ્ય હાઇવે અને ઔદ્યોગિક વિસ્તારની નજીક છે. આ ટેન્કર ચિલીની સ્થાનિક ગેસ કંપની ગેસ્કોનું હતું અને દુર્ઘટનાનું કારણ જાણવા માટે હજુ પણ તપાસ ચાલી રહી છે.

## કર્ણાટક ભાજપના ધારાસભ્ય રૂ.5 લાખની લાંચ લેતાં ઝડપાયા

**વ્યવસાયે** ડોક્ટર એવા ભાજપના ધારાસભ્ય લમાણીને ત્રણ માર્ચ સુધી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલાયા

બેંગલુરુ, તા. 22 (PTI) કોન્ટ્રાક્ટર પાસેથી કથિત રીતે 5 લાખ રૂપિયાની લાંચ લેતાં ઝડપાયેલા ભાજપના ધારાસભ્ય ડો. ચંદ્રુ લમાણીને 3 માર્ચ સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, શિરહટ્ટીના ધારાસભ્ય અને વ્યવસાયે ડોક્ટર એવા લમાણીને શનિવારે રાત્રે ગદગથી બેંગલુરુ લાવવામાં આવ્યા હતા અને લોકપ્રતિનિધિઓ માટેની વિશેષ અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. અદાલતે લમાણીને 3 માર્ચ સુધી કસ્ટડીમાં મોકલ્યા હતા, અને ત્યાર બાદ તેમને પરપ્પન અગ્રહારા ખાતેની બેંગલુરુ સેન્ટ્રલ જેલમાં લઈ જવામાં આવ્યા હતા.

ગદગ જિલ્લાના ચિંચલીના ક્લાસ-1 કોન્ટ્રાક્ટર વિજય પૂજારની ફરિયાદના આધારે લોકાયુક્તના છટકામાં તેઓ ઝડપાયા હતા.

લોકાયુક્ત અધિકારીઓએ જણાવ્યું હતું કે, કથિત લાંચ લઘુ સિંચાઈ વિભાગના કામો સાથે જોડાયેલી હતી, જેમાં રોડની બાજુમાં પ્રોટેક્શન વોલના નિર્માણનો સમાવેશ થાય છે.

આરોપીએ પ્રોજેક્ટના અમલીકરણ માટે ફરિયાદકર્તા પાસે 11 લાખ રૂપિયાની માગણી કરી હતી, જેમાંથી ટ્રેપ દરમિયાન 5 લાખ રૂપિયા સ્વીકારવામાં આવ્યા હતા.

આ કેસમાં લમાણીની સાથે તેમના અંગત સહાયકો મંજુનાથ વાલ્મીકિ અને ગુરુ નાયકની પણ ધરપકડ કરવામાં આવી હતી.

ઉત્તર કન્નડ જિલ્લામાં પત્રકારો સાથે વાત કરતાં નાયબ મુખ્યમંત્રી ડી. કે. શિવકુમારે જણાવ્યું હતું કે, ''લોકાયુક્ત એક સ્વતંત્ર સંસ્થા છે. અમે તેની તપાસમાં દખલગીરી કરીશું નહીં.'' શિવકુમારે ઉમેર્યું હતું કે, લોકાયુક્તમાં નોંધાયેલી ફરિયાદના આધારે કાર્યવાહી કરવામાં આવશે.

## રશિયાની રાજધાની મોસ્કોના ચારેય એરપોર્ટ બંધ કરી દેવાયા

**ઉપરાછાપરી** ૧૧ યુક્રેનિયન ડ્રોન ધસી આવ્યા પછી ભરાયેલું પગલું: જો કે આ તમામ ડ્રોન તોડી પડાયા



મોસ્કો, તા. 22(PTI): રશિયાની રાજધાનીના ચારેય આંતરરાષ્ટ્રીય એરપોર્ટ રવિવારે બપોરે સુરક્ષાના કારણોસર આગામી સૂચના સુધી બંધ કરી દેવામાં આવ્યા હતા, કારણ કે હવાઈ સંરક્ષણ દળોએ એક કલાકની અંદર 11 યુક્રેનિયન ડ્રોન તોડી પાડ્યા હતા.

રશિયન સિવિલ એવિએશન એજન્સી 'રોસાવિયાત્સિયા'એ એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું કે સુરક્ષાની ચિંતાઓને કારણે તમામ ચારેય આંતરરાષ્ટ્રીય એરપોર્ટ - ડોમોડેડોવો, વનુકોવો, ઝુકોવ્સ્કી અને શેરેમેટયેવો ખાતે હવાઈ ટ્રાફિક પર નિયંત્રણો લાદવામાં આવ્યા છે. મોસ્કોના મેયર સેર્ગેઈ સોબ્યાનિને તેમની ટેલિગ્રામ (મેક્સ) ચેનલ પર જણાવ્યું હતું કે, વાયુસેનાએ મોસ્કો તરફ ઉડી રહેલા વધુ એક UAV (ડ્રોન)ને અટકાવ્યું છે. સોબ્યાનિને સાંજે 4 વાગ્યે (સ્થાનિક સમય મુજબ) તેમની નવીનતમ સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું હતું કે, આમ, તોડી પાડવામાં આવેલા ડ્રોનની કુલ સંખ્યા 11 પર પહોંચી ગઈ છે. પાડોશી દેશ સાથેના યુદ્ધને ચાર વર્ષ પૂરા થવા આવ્યા છે, ત્યારે રશિયા દાવો કરે છે કે યુક્રેનિયન ડ્રોન નિયમિતપણે મોસ્કો સહિત તેના વિવિધ પ્રદેશો પર હુમલો કરે છે. બીજી તરફ રશિયા પણ યુક્રેન પર મિસાઈલો અને ડ્રોનનો મારો ચલાવી રહ્યું છે.

## મુંબઇ-પુણે એક્સપ્રેસ-વે પર 33 કલાકના જામ બદલ વાહનચાલકોને રિફંડ મળશે

**એક** લાખ વાહનચાલકોને રૂ.5.16 કરોડનું ટોલ રિફંડ આપવાની એમએસઆરડીસી દ્વારા જાહેરાત કરાઇ

મુંબઈ, તા. 22 (PTI): આ મહિનાની શરૂઆતમાં ગેસ ટેન્કર અકસ્માત બાદ મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર કલાકો સુધી ટ્રાફિક જામમાં ફસાયેલા એક લાખથી વધુ વાહનચાલકોને કુલ રૂ.5.16 કરોડનું ટોલ રિફંડ આપવામાં આવશે. એમ મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમએસઆરડીસી)ના એક વરિષ્ઠ અધિકારીએ રવિવારે જણાવ્યું હતું.

3 ફેબ્રુઆરીના રોજ એક્સપ્રેસ-વેના ખોપોલી સેક્શન પર એક ગેસ ટેન્કર પલટી ગયું હતું, જેના કારણે 33 કલાક સુધી વાહનવ્યવહાર ખોરવાયો હતો. આ દરમિયાન અનેક કિલોમીટર સુધી ટ્રાફિક થંભી ગયો હતો, જેના કારણે ઘણા વાહનચાલકો અને મુસાફરોને પાણી, ખોરાક અને અન્ય પાયાની સુવિધાઓની અછતનો સામનો કરવો પડ્યો હતો. અકસ્માત બાદ વહીવટીતંત્રે તાત્કાલિક અસરથી ટોલ વસૂલાત સ્થગિત કરવાનો આદેશ આપ્યો હતો. જોકે, ત્યાં સુધીમાં અનેક વાહનચાલકોના ફાસ્ટેગ ખાતામાંથી ટોલની રકમ કપાઈ ગઈ હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે, ''ટોલ વસૂલાત રોકવાના આદેશ જારી થયા પછી પણ વાહનમાલિકો પાસેથી વસૂલવામાં આવેલી તમામ રકમ પરત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રૂ. 5.16 કરોડનું આ રિફંડ એમએસઆરડીસી દ્વારા પ્રોસેસ કરવામાં આવશે. આગામી થોડા દિવસોમાં આ રકમ સીધી અસરગ્રસ્ત વાહનમાલિકોના ફાસ્ટેગ ખાતામાં જમા કરવામાં આવશે.'' અધિકારીએ વધુમાં ઉમેર્યું હતું કે, આ રિફંડ બંને હાઈવે પર વસૂલવામાં આવેલા ટોલને આવરી લેશે અને ટોલ ઓપરેટરને ફાસ્ટેગ ટ્રાન્ઝેક્શનનો વિગતવાર ડેટા આપવા માટે કહેવામાં આવ્યું છે.

અધિકારીએ જણાવ્યું હતું કે, ''ટોલ વસૂલાત રોકવાની સૂચના હોવા છતાં, ટોલ પ્લાઝાના બેરિયર્સ સંપૂર્ણ રીતે ખોલવામાં આવે તે પહેલાં કેટલાક વ્યવહારો આપમેળે થઈ ગયા હોઈ શકે છે. આવા તમામ વ્યવહારોની તપાસ કરવામાં આવી રહી છે અને તેની રકમ સંબંધિત વાહનચાલકોને પરત કરવામાં આવશે.''

## મણીશંકરે મમતા જ ઇન્ડિયા બ્લોકના યોગ્ય નેતા કહેતા ફરી વિવાદ

**આ** ગઠબંધનના વડા નાના પક્ષોના નેતાઓને બનવા દેવાની રાહુલ ગાંધીને સલાહ આપી

કોલકાતાઃ તા. ૨૨ઃ પોતાના વિવાદાસ્પદ નિવેદનો માટે જાણીતા કોંગ્રેસના નેતા મણિશંકર અય્યરે આ વખતે પાર્ટીના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીને સલાહ આપી છે કે તેમણે 'INDIA' ગઠબંધનની ડ્રાઈવિંગ સીટ પ્રાદેશિક પક્ષોના નેતાઓ માટે છોડી દેવી જોઈએ. તેમણે કહ્યું કે બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી આ ગઠબંધનના નેતા છે, જેમના વિના "INDIA ગઠબંધનનો 'I', 'N', 'D', 'I', 'A' ગાયબ થઈ જશે."

કોલકાતામાં પત્રકારો સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, મમતા બેનર્જી આ ગઠબંધનના નેતા છે. તેમની સાથે અન્ય બે કે ચાર નેતાઓ છે જે આ પદ પ્રાપ્ત કરી શકે છે. બંગાળ વિધાનસભા ચૂંટણી પહેલા તેમના આ નિવેદનથી રાજકીય વિવાદ સર્જાયો છે. તેમણે આગળ ઉમેર્યું, મને આશા છે કે રાહુલ ગાંધી પોતે આ પદ પર રહેવાનો પ્રયાસ કરવાને બદલે - જે ખરેખર નાના પક્ષોનું છે, પછી તે સ્ટાલિન હોય, મમતા દીદી હોય, અખિલેશ હોય, તેજસ્વી હોય કે અન્ય કોઈ - તેમને આ જવાબદારી સંભાળવા દેશે. મણિશંકર અય્યર, જેમને અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર અપમાનજનક ટિપ્પણી કરવા બદલ રાહુલ ગાંધીએ સસ્પેન્ડ કર્યા હતા, તેઓ છેલ્લા કેટલાક સમયથી પોતાની પાર્ટીના પ્રાદેશિક હરીફોના વખાણ કરી રહ્યા છે. તાજેતરમાં તેમણે કેરળના મુખ્યમંત્રી અને CPM નેતા પિનારાયી વિજયનના વખાણ કરીને ચર્ચા જગાવી હતી. આ અંગે નારાજ થયેલા તેમના પક્ષના સાથીઓએ કહ્યું હતું કે આ તેમનો અંગત અભિપ્રાય છે. બંગાળ કોંગ્રેસના નેતાઓએ મણિશંકર અય્યરની આ ટિપ્પણી સામે આકરો પ્રતિસાદ આપ્યો છે.

## કેનેડામાં ભારતીયો સહિતના 20 લાખથી વધુ અસ્થાયી સ્થળાંતરિતો પર જોખમ

**વિદેશી** વિદ્યાર્થીઓ-કામદારોના વિઝા સ્ટેટસની મુદત પુરી થઇ રહી હોવાથી તેમણે દેશ છોડવો પડી શકે

**વિઝા** સ્ટેટસ ગુમાવવાથી અસરગ્રસ્ત થનારા લોકોમાં મોટી સંખ્યામાં ભારતીયોનો પણ સમાવેશ

બ્રેમ્પ્ટન, તા. 22 : કેનેડામાં 20 લાખથી વધુ અસ્થાયી સ્થળાંતરિતોને દેશ છોડવો પડી શકે છે કારણ કે તેમના વિઝા સ્ટેટસની મુદત પૂરી થવા જઈ રહી છે. અસ્થાયી સ્થળાંતરિતોમાં વિદેશી વિદ્યાર્થીઓ અને કામદારોનો સમાવેશ થાય છે જેઓ અભ્યાસ અને નોકરી માટે કેનેડા આવ્યા હતા. દરમિયાન, બ્રેમ્પટન શહેરમાં અસ્થાયી સ્થળાંતરિતોને કાયમી રહેઠાણ (PR) આપવા માટે એક પ્રદર્શન યોજવામાં આવ્યું છે. વિઝા સ્ટેટસ ગુમાવવાથી અસરગ્રસ્ત લોકોમાં મોટી સંખ્યામાં ભારતીયો પણ છે.

આ અઠવાડિયે યુનાઈટેડ ઈમિગ્રન્ટ વર્કર્સ ફ્રન્ટ નામના સંગઠને વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કર્યું હતું. તેમણે માંગ કરી હતી કે બધા કામચલાઉ પરમિટ ધારકોને કેનેડામાં કાયમી ધોરણે રહેવાની મંજૂરી આપવામાં આવે. CUPE ઓન્ટારિયો અને માર્ક્સવાદી-લેનિનિસ્ટ પાર્ટી ઓફ કેનેડાના સભ્યોએ પણ આ પ્રદર્શનોને ટેકો આપ્યો. સોશિયલ મીડિયા પર શેર કરાયેલા વીડિયોમાં વિરોધીઓ વિઝા સમાપ્ત થવાને કારણે વિદેશી વિદ્યાર્થી-કામદારોને પડતી મુશ્કેલીઓ પર પ્રકાશ પાડતા જોવા મળ્યા.

ક્વિબેકમાં થયેલા આવા જ પ્રદર્શનો પછી, ઓન્ટારિયોના બ્રેમ્પટનમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે. ઈમિગ્રેશન પ્રોગ્રામમાં ફેરફાર છતાં, વિરોધીઓ સરકારને કામચલાઉ રહેવાસીઓને પીઆર આપવા વિનંતી કરી રહ્યા છે.

વિઝા સ્ટેટસ સમાપ્ત થવાથી ભારતીયો સૌથી વધુ પ્રભાવિત થવાની શક્યતા છે. આનું કારણ દેશમાં ભારતીય વિદ્યાર્થીઓ અને કામદારોની મોટી સંખ્યા છે. 2024 માં, આશરે 188,000 ભારતીય વિદ્યાર્થીઓ પાસે સ્ટડી પરમિટ હતી, જે કુલ વિદેશી વિદ્યાર્થીઓના 36% થી વધુનું પ્રતિનિધિત્વ કરે છે.

## ઓડિશામાં લગ્ન કરી સાસરે જઈ રહેલી દુલ્હનનું પ્રેમી દ્વારા બંદૂકના નાળચે અપહરણ

ભુવનેશ્વર, તા. 22 : ઓડિશાના બોલાંગીર જિલ્લામાં રવિવારે વહેલી સવારે એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. લગ્ન વિધિ પતાવીને પતિ સાથે સાસરે જઈ રહેલી નવવધૂનું તેના જ ભૂતપૂર્વ પ્રેમીએ બંદૂકના નાળચે કથિત રીતે અપહરણ કર્યું હતું.

બોલાંગીર જિલ્લાના રહેવાસી હરિબંધુ પટેલ નામના યુવકનાં લગ્નની જાન કાંતામાલ ખાતે આવી હતી. લગ્નની તમામ વિધિઓ પૂર્ણ કર્યા બાદ વરરાજા પોતાની પત્ની અને જાનૈયાઓ સાથે કારમાં ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન તરભા રોડ પર બદબંદા પાસે કેટલાક શખ્સોએ તેમનું વાહન આંતર્યું હતું.

મળતી માહિતી મુજબ, મુખ્ય આરોપી તેના બે સાથીદારો સાથે આવ્યો હતો.

## SIR બાદ 9 રાજ્યો અને UTમાં મતદારોની સંખ્યામાં 1.70 કરોડથી વધુનો ઘટાડો

નવી દિલ્હી, તા. 22 (PTI): સત્તાવાર ડેટા અનુસાર, ચાલી રહેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ના ભાગરૂપે અંતિમ મતદાર યાદીના પ્રકાશન પછી નવ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર આધારમાં 1.70 કરોડથી વધુનો ઘટાડો થયો છે. ગુજરાત, પુડુચેરી, લક્ષદ્વીપ, રાજસ્થાન, છત્તીસગઢ, આંદામાન અને નિકોબાર ટાપુઓ, ગોવા અને કેરળના મુખ્ય ચૂંટણી અધિકારીઓ દ્વારા શનિવારે શેર કરવામાં આવેલા ડેટા દર્શાવે છે કે, ગયા વર્ષે 27 ઓક્ટોબરે એસઆઈઆર કવાયત શરૂ થઈ તે પહેલાં તેમનો સંયુક્ત મતદાર આધાર 21.45 કરોડથી વધુ હતો. આ અઠવાડિયે તેમની અંતિમ મતદાર યાદીના પ્રકાશન પછી તે ઘટીને 19.75 કરોડ થઈ ગઈ છે, જે મતદારોની સંખ્યામાં 1.70 કરોડથી વધુનો ચોખ્ખો ફેરફાર દર્શાવે છે.

## વૈશ્વિક શક્તિ ભારતને હેક્ઝાગોન ગઠબંધનનો ભાગ બનાવાશે: નેતાન્યાહુ

**વડાપ્રધાન** મોદી ૨૫ ફેબ્રુઆરીએ ઇઝરાયેલના પ્રવાસે જઇ રહ્યા છે ત્યારે ઇઝરાયેલના વડાપ્રધાનની મહત્વની જાહેરાત

જેરૂસલેમ, તા. ૨૨(પીટીઆઇ): ભારતને વૈશ્વિક શક્તિ ગણાવતા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પોતાના અંગત મિત્ર ગણાવતા, ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ રવિવારે આ ક્ષેત્રમાં અને તેની આસપાસના ગઠબંધનના ષટ્કોણ(હેક્ઝાગોન)ના તેમના વિઝન વિશે વાત કરી હતી, જેમાં ભારતનો પણ સમાવેશ થશે. સાપ્તાહિક કેબિનેટ બેઠકની શરૂઆતમાં નેતન્યાહુએ કહ્યું હતું કે, આ અઠવાડિયે ઈઝરાયેલ અને વૈશ્વિક શક્તિ એવા ભારત વચ્ચે અને મારા તથા તેના નેતા વડાપ્રધાન મોદી વચ્ચે છેલ્લા કેટલાક વર્ષોમાં જે વિશેષ સંબંધો કેળવાયા છે તેની અભિવ્યક્તિ જોવા મળશે. ઈઝરાયેલના વડાપ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, અમે અંગત મિત્રો છીએ; અમે વારંવાર ફોન પર વાત કરીએ છીએ અને એકબીજાની મુલાકાત લઈએ છીએ. મેં ભારતની મુલાકાત લીધી છે અને મોદી અહીં આવ્યા છે. વર્ષ 2017માં બંને નેતાઓ સમુદ્રમાં ખુલ્લા પગે ચાલતા હતા તે તસવીરો બ્રોમાન્સની ચર્ચા સાથે વાયરલ થઈ હતી, તેનો સંદર્ભ આપતા તેમણે ઉમેર્યું, અમે ભૂમધ્ય સમુદ્રના પાણીમાં સાથે ચાલ્યા હતા, અને ત્યારથી ભૂમધ્ય, ગંગા અને જોર્ડન નદીઓમાં ઘણું પાણી વહી ગયું છે, જો કે જોર્ડનમાં થોડું ઓછું. વડાપ્રધાન મોદી 25 થી 26 ફેબ્રુઆરી દરમિયાન ઈઝરાયેલની બે દિવસીય મુલાકાતે જશે. જુલાઈ 2017ની તેમની ઐતિહાસિક મુલાકાત પછીની આ બીજી મુલાકાત હશે, જે કોઈ પણ ભારતીય વડાપ્રધાનની યહૂદી રાષ્ટ્રની પ્રથમ મુલાકાત હતી. નેતન્યાહુએ થોડા મહિનાઓ પછી 2018 માં ભારતની મુલાકાત લીધી હતી, અને ત્યારથી બંને નેતાઓ સતત સંપર્કમાં રહ્યા છે, ઘણીવાર ફોન પર વાતચીત કરે છે. તેમના રાજદ્વારી વિઝન પર પ્રકાશ પાડતા નેતન્યાહુએ કહ્યું હતું કે, અમે એક આખી વ્યવસ્થા ઊભી કરીશું, જે મુખ્યત્વે મધ્ય પૂર્વની આસપાસ અથવા તેની અંદર જોડાણોનું એક 'ષટ્કોણ' (hexagon) હશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આમાં ભારત, આરબ દેશો, આફ્રિકન દેશો, ભૂમધ્ય દેશો (ગ્રીસ અને સાયપ્રસ) અને એશિયાના એવા દેશોનો સમાવેશ થાય છે જેની વિગતો હું અત્યારે નહીં આપું. હું આને વ્યવસ્થિત રીતે રજૂ કરીશ એમ તેમણે કહ્યું હતું.

## મેટા-વૉટ્સએપ પ્રાઈવસી પોલિસી કેસની સુપ્રીમ કોર્ટ આજે સુનાવણી કરશે

નવી દિલ્હી, તા. ૨૨(PTI): સુપ્રીમ કોર્ટ સોમવારે મેટા અને વોટ્સએપની તે અરજીઓ પર સુનાવણી કરવા જઈ રહી છે, જે ભારતીય સ્પર્ધા આયોગ (CCI) દ્વારા તેમની પ્રાઈવસી પોલિસી બાબતે લાદવામાં આવેલા રૂ. ૨૧૩.૧૪ કરોડના દંડ વિરુદ્ધ કરવામાં આવી છે. ભારતના વડા ન્યાયાધીશ (CJI) સૂર્યકાંત અને જસ્ટિસો જોયમાલ્યા બાગચી તથા વિપુલ એમ. પંચોલીની બનેલી બેન્ચ આ મામલાની સુનાવણી કરે તેવી શક્યતા છે.

૩ ફેબ્રુઆરીના રોજ, બેન્ચે મેટા પ્લેટફોર્મ્સ અને વોટ્સએપ સામે કડક અવલોકન કરતા કહ્યું હતું કે, તેઓ ડેટા શેરિંગના નામે નાગરિકોની પ્રાઈવસીના અધિકાર સાથે રમત રમી શકે નહીં અને આક્ષેપ કર્યો હતો કે તેઓ બજારમાં ઈજારો ઊભી કરી રહ્યા છે અને ગ્રાહકોની ખાનગી માહિતીની ચોરી કરી રહ્યા છે. વોટ્સએપની પ્રાઈવસી પોલિસીની ટીકા કરતા બેન્ચે તેવા 'મૌન ગ્રાહકો'નો ઉલ્લેખ કર્યો હતો જેઓ અસંગઠિત છે.

## રશિયામાં વિશ્વના સૌથી ઊંડા તળાવમાં ખાબકેલી મિનિબસ ડૂબતાં સાતના મોત

**થીજી** ગયેલા તળાવ પરથી જઇ રહેલી બસ બરફની સપાટી તૂટતાં અંદર ગરકી ગઇ, કોઇને બચાવી ન શકાયા



મોસ્કો, તા. 22 : રશિયાના સાઈબિરીયામાં થીજી ગયેલા વિશ્વના સૌથી ઊંડા બૈકલ તળાવમાં બરફની સપાટી તોડીને આઠ ચીની પ્રવાસીઓને લઈ જતી ટુર બસ થીજી ગયેલા પાણીમાં ગરકી ગઈ હતી, જેમાં સાતના મોત થયા છે. વિડીયો ફૂટેજમાં અકસ્માત પછીની ક્ષણો બતાવવામાં આવી છે જેમાં એકમાત્ર બચી ગયેલો વ્યક્તિ ડૂબી ગયેલા વાહનમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરતો જોવા મળે છે.

આ ઘટનાનું સાક્ષી બનેલું પ્રવાસીઓના એક જૂથ ભયભીત થઈને જોવા સિવાય કંઇ કરી શક્યું નહોતું અને તેઓ ફસાયેલા મુસાફરોને મદદ કરી શક્યા નહીં. પીડિતોને મદદ કરવાનો પ્રયાસ કરતી વખતે લોકો 'ઝડપથી, જલ્દી કરો' અને 'બહાર નીકળો' બૂમો પાડતા સાંભળવામાં આવ્યા. એક માણસને બચાવવાના પ્રયાસમાં દોરડું લઈને મિનિબસ તરફ દોડતો જોવા મળ્યો.

આ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોમાં એક 12 વર્ષની છોકરી અને તેના માતાપિતાનો પણ સમાવેશ થાય છે. આ અકસ્માતમાં 28 વર્ષની ત્રણ મહિલાઓના મોત થયા હતા, જ્યારે 31 અને 40 વર્ષની બે મહિલાઓ પણ મૃત્યુ પામી હતી. ફૂટેજમાં ડાઈવર્સ લગભગ 60 ફૂટની ઊંડાઈમાંથી મૃતદેહો બહાર કાઢતા પણ જોવા મળ્યા હતા. બૈકલ તળાવ એ યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ છે જે મોંગોલિયાની સરહદની નજીક સ્થિત છે. શિયાળા દરમિયાન વિશાળ થીજી ગયેલા તળાવ પર સ્કેટિંગ, હાઈકિંગ અને સ્કીઈંગ કરવા માટે ચીની પ્રવાસીઓ માટે આ એક લોકપ્રિય સ્થળ છે.